# અહેવાલ

તારીખ:- 13/01/2024

સ્થળ:- વાંસદા

ગુજરાત સરકાર દ્વારા વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનો ટ્રેટ શો **Knowledge Economy and Techadwe** અંતર્ગત **13/01/2024** નાં રોજ હેલીપેડ એક્ઝીબીશન ગ્રાઉન્ડ, ગાંધીનગર ખાતે ‘વાયબ્રન્ટ-2024’નું આયોજન તા.12/01/2024 થી 13/01/2024 સુધી રાખવામાં આવેલ હતું. આ પોગ્રામ જોવા માટે તા. 13/01/2024 ના રોજ સરકારી બી.એડ્. કોલેજ,વાંસદાના F.Y.B.ED. અને S.Y.B.ED ના એમ કુલ 48 તાલીમાર્થીઓ અને 3 અધ્યાપકશ્રીઓએ ભાગ લીધો હતો. ભવિષ્યના ઉપયોગને લગતો આ કાર્યક્રમ ખૂબ જ સારો અને નિર્ણાયક સાબિત થયો હતો. સૌ પ્રથમ તો પ્રવાસદ્વાર પર QR કોડ સ્કેન કરીને એન્ટ્રી આપવામાં આવી હતી. ત્યારબાદ અંદર વિજ્ઞાનના વિષયો સંદર્ભે લોકોના નવા-નવા વિચારોના સંદર્ભમાં સ્ટાર્ટઅપ જોવા મળ્યા હતા.જેમાં એગ્રીકલ્ચર, ઓટોમોબાઇલ, મેડીકલ, મિકેનિકલ, ફાર્મિંગના સંદર્ભો જોવા મળ્યા હતા. આ વાયબ્રન્ટની ઝાંકી બતાવતા પોગ્રામ હતો. આ વાયબ્રન્ટમાં જુદા-જુદા ઘણા વિભાગો હતા અને આ વિભાગોમાં સરકાર માન્ય એવા કેટલાય પ્રોજેક્ટ્સ જોવા મળ્યા હતા. આ મુલાકાત અમારા માટે સાચે પ્રેરણાદાયી સાબિત થયો.




